
E-magazine
THERE IS NO RELIGION HIGHER THAN TRUTH
હરજીવન પ્રકાશ
May - 2024
ધી થિયોસોફિકલ સોસાયટી
શ્રી હરજીવન આશ્રમ, કડોલી
તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા (ગુજરાત)

# સંપાદક મંડળ

## ❖ સંરક્ષક :

**શ્રી કાંતિભાઈ કે. પટેલ**
પ્રમુખ, થિયોસોફિકલ સોસાયટી
હરજીવન આશ્રમ, કડોલી.

- Email: harjivanashram@gmail.com

## ❖ પરામર્શક :

**શ્રી નરેન્દ્રભાઈ બી. પટેલ**

ઉપ પ્રમુખ, થિયોસોફિકલ સોસાયટી

હરજીવન આશ્રમ, કડોલી.

**શ્રી કાંતિભાઈ કે. પટેલ**

ઉપ પ્રમુખ, થિયોસોફિકલ સોસાયટી

હરજીવન આશ્રમ, કડોલી

**શ્રી વિજયભાઈ એલ. પંડ્યા**

ઉપ પ્રમુખ, થિયોસોફિકલ સોસાયટી
હરજીવન આશ્રમ, કડોલી.

## સંપાદક

**શ્રી દીપક આર. પંડ્યા**
થિયોસોફિકલ સોસાયટી હરજીવન આશ્રમ, કડોલી
Mobile: 9427221220 / 9510378094

## સહસંપાદક

**શ્રી નરેન્દ્રભાઈ ડી. પટેલ,**
મંત્રી,
થિયોસોફિકલ સોસાયટી, હરજીવન આશ્રમ, કડોલી

**શ્રીમતી કૈલાસબા સી. રાઠોડ,**
થિયોસોફિકલ સોસાયટી, હરજીવન આશ્રમ, કડોલી


## અનુક્રમ


| ક્રમાંક | વિષય | | પૃષ્ઠ |
|---|---|---|---|
| 1. | સંપાદકીય | દીપક પંડ્યા | 03 |
| 2. | અધ્યક્ષીય | કાંતિભાઈ કે. પટેલ | 05 |
| 3. | વિવિધા | શંકરભાઇ પટેલ અને અન્ય રચનાકાર | 07 |


- પ્રૂફ વાંચન સહયોગ : **શ્રી શંકરભાઇ એચ. પટેલ,**
  ઉપપ્રમુખ શ્રી અને ભૂતપૂર્વઆચાર્ય, કડોલી હાઇસ્કૂલ

### સૂચના

- શ્રી હરજીવન આશ્રમ કડોલીની આ માસિક ગૃહ-ઈ-પત્રિકામાં પ્રકાશિત લેખ/આલેખ, કવિતા અને અન્ય સાહિત્ય સંબંધિત લેખકોના પોતાના મૌલિક વિચારો છે જે સંપાદક મંડળને બંધનકર્તા નથી. ગુજરાત થિયોસોફિકલ ફેડરેશન અંતર્ગતની તમામ લૉજના સભ્યો તેમની મૌલિક જ્ઞાનવર્ધક રચનાઓ, સંકલન વિગેરે પ્રકાશન હેતુ સોફ્ટ કોપીમાં ઈમેલ દ્વારા મોકલી શકે છે.

# સંપાદકીય :

પ્રિય સુજ્ઞ પાઠકો,

નમસ્કાર !

હરજીવન આશ્રમ થિયોસોફિકલ સોસાયટી, કડોલી દ્વારા પ્રકાશિત ઈ પત્રિકા ' હરજીવન પ્રકાશનો મે – 2024નો અંક આપની સમક્ષ રજૂ કરતાં અમને અતિ પ્રસન્નતા અનુભવ થઈ રહી છે.

હરજીવન આશ્રમ થિયોસોફિકલ સોસાયટી દ્વારા નિયમિત TOS પ્રવૃત્તિઓ અંતર્ગત છાસ વિતરણ, હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ માટે ખાસ મોટિવેશનલ અભ્યાસવર્ગ, ગુજરાત TOSની સહાયતાથીથી વિના મૂલ્યે નોટબુક વિતરણ વિગેરે કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. છાસ વિતરણ દર રવિવારે સવારે 09-00 થી 10-00 વાગ્યા સુધી નિયમિત રીતે કરવામાં આવી રહેલ છે.

હરજીવન આશ્રમ દ્વારા આગામી માસ દરમ્યાન ગ્રામીણ બેંક ઓફ બરોડા, હિંમતનગરની સહાયતાથી મહિલાઓ માટે ગૃહઉદ્યોગની તાલિમ આપવા હેતુ પ્રકલ્પ તૈયાર કરવાની વિશેષ કાર્યવાહીઓ હાથ ધરવામાં આવી રહી છે.

થિયોસોફીને તત્ત્વગ્રાહી સ્વરૂપે ગ્રહણ કરી વ્યાવહારિક જીવનમાં ઉદારતાપૂર્વક પ્રચલન કરવા સંસ્થાના કાર્યકરો પ્રવૃત્ત છે. આજે જ્યારે સંદેશવ્યવહારના અદ્યતન સંસાધનો પ્રચુર માત્રામાં ઉપલબ્ધ થઇ ચૂક્યા છે, ત્યારે થિયોસોફિકલ સંસ્થાઓ પણ સંદેશાવ્યવહાર અને સંપ્રેષણ તરફ વિશેષ ધ્યાન આપી રહી છે. કોમ્પુટર દ્વારા ઈ-પત્રિકાઓ, જુમ મિટીંગ્સ, વેબ સાઈટ, પાવર પ્વાઈંટ પ્રેજન્ટેશનની મહત્તા પણ વધી રહી છે. સૂચના અને પ્રૌદ્યોગિક ક્ષેત્રની આ મહાન ક્રાન્તિએ વિપુલ સાહિત્ય ઉપલબ્ધ કરાવ્યું છે.

અમેરિકામાં વસવાટ કરી રહેલી કોઈ વ્યક્તિ દ્વારકાધીશ કે સોમનાથ અથવા કોઈપણ તીર્થ સ્થાનનાં દર્શન - આરતી લાભ સહજ રીતે કરી રહ્યો છે. આ યુગની આ અસાધારણ ઉપલબ્ધિ છે.

સંસ્થાગત હોય કે વ્યક્તિગત, પણ વિકાસની પ્રક્રિયા પરસ્પર સહયોગી બન્યા વિના સંભવ નથી. કબીરજી સારતત્ત્વને ગ્રહણ કરવા કહેતા રહ્યા છે. એમના માટે સુપડાની મહત્તા વધુ છે, કારણ તે પોકળ-ખોખલી વસ્તુઓને દૂર કરી નક્કર વસ્તુને પાસે રાખે છે. તેમના શબ્દોમાં, ' થોથા દેયી ઉડાય ! '.

થિયોસોફીના અભ્યાસુએ સારસવૃત્તિને પોષવાની છે. નકામી વસ્તુઓનો સંગ્રહ દુર્ગંધ ફેલાવી શકે છે. **ખૂબ વાંચન કરવું, મનન કરવું અને દૈનિક જીવનમાં તેના સારતત્ત્વને અવકાશવું શ્રેયકર બની શકે છે.**

વિશ્વબંધુત્વનો આપણો સિધ્ધાંત વાસ્તવિક રીતે ચરિતાર્થ કરવા માટે દરેકની સાથે સમવેદી બની રહેવું એ પૂર્વશર્ત સમાન કહી શકાય. પદ-પ્રતિષ્ઠા અર્જિત કરી માનવીય વ્યવહારનું અવમૂલ્યન કરાય તો આપણે સાચા અર્થમાં થિયોસોફીને પચાવી શક્યા નથી તેમ નિર્વિવાદપણે કહી શકાય.

આપણા સૌમાં 'હરજીવનનો પ્રકાશ' અવતરિત થતો રહ્યો છે, અને તેને "હરજીવન પ્રકાશ" દ્વારા જન..જન સુધી પહોંચાડવાની આપણી મંશા છે. હરજીવન આશ્રમની સુવાસ સર્વત્ર ફેલાય તે દરેક સભ્યની પ્રાથમિકતા હોવી જોઈએ.

પ્રતિમાસ સંસ્થામાં નવા મેમ્બર્સ જોડાવાની પ્રક્રિયા અવિરત ચાલી રહી છે. આગામી મે - 2024માં નવા 10 નવા મેમ્બર્સ માટેનાં ફોર્મ્સ પ્રાપ્ત થયાં છે.

વર્ષ 2023 દરમ્યાન નવા મેમ્બર્સ તરીકે જોડનાર તમામ સભ્યશ્રીઓના ડિપ્લોમા સંસ્થામાં આવી ચૂક્યા છે જે રવિવારીય મિટિંગમાં હજાર રહી મેળવી લેવા ખાસ અનુરોધ છે.

થિયોસોફીનું સ્વરૂપ બહુઆયામી છે, તે કથા સાહિત્યમાં, કવિતા સાહિત્યમાં કે આધ્યાત્મિક ગ્રંથોમાં કવિ-સર્જક અથવા લેખક દ્વારા હૃદયસ્થ થયેલ છે. એક સંશોધકની રીતે આપણે તેનો અભ્યાસ અને આવિષ્કાર કરતા રહેવાનું છે. ગુરુદેવોની દિવ્ય ગતિથી આજ સુધીની તમામ ઘટનાઓમાં થિયોસોફી શોધવાની છે અને ધર્મ, જાતિ કે રંગના ભેદભાવ વિના ઈશ્વર નિર્મિત માનવ અને પ્રકૃતિ પ્રત્યે ઉદ્દાત્ત પ્રેમ દાખવી વિશ્વબંધુત્વ પ્રતિષ્ઠિત કરવા તત્પર બની રહેવાનું છે.

ભુવાલી ખાતે હાલમાં યોજવામાં આવેલ TOS સબંધિત વિશેષ અભ્યાસવર્ગ અને મિટિંગમાં ગુજરાત થિયોસોફિકલ ઓડર ઓફ સર્વિસના પ્રમુખશ્રી માનનીય હિતેશભાઇ પટેલ હાજર રહ્યા હતા અને તેમણે ગુજરાતમાં TOSની સેવાઓનો વિસ્તાર કરવા તેમજ હરજીવન આશ્રમ, થિ.સો. કડોલીમાં મોબાઈલ મેડિકલ સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટેક્ષ મિટિંગમાં રજૂઆત પણ કરી હતી. હાલના TOSના અખિલ ભારતીય ડાયરેક્ટર માનનીય  શ્રી શિવ પ્રસાદજીએ હરજીવન આશ્રમ થિ.સો.ના દીપક પંડ્યા સાથે ખૂબ જ ઉત્સાહજનક અને પ્રેરક પ્રતિભાવ સાથે કડોલીમાં TOS દ્વારા મોબાઈલ મેડિકલ સુવિધાઓ વિકસાવવા માટે ખાત્રી આપતાં પ્રોત્સાહનજનક વાત કરી. તમણે આ પ્રકારની અનુકરણીય સેવાઓ માટે આવશ્યક તમામ સહાયતાઓ કરવા તત્પરતા દાખવી હતી.

વધુમાં ગુજરાત TOSના માનનીય પ્રમુખશ્રી હિતેશભાઇ પટેલે ગુજરાતમાં વ્યાપ્ત થઇ રહેલી TOS પ્રવૃત્તિઓની વિસ્તૃત માહિતી આપતાં હરજીવન આશ્રમ તરફથી તૈયાર કરાયેલ રિપોર્ટ

પણ રજૂ કર્યો હતો. શ્રી હિતેશભાઇ પટેલના સકારાત્મક પ્રયાસો અને અવિરત કાર્ય-પ્રણાલી સર્વથા પ્રેરક અને અનુકરણીય બની રહી છે.

આશા છે કે, આ અંકમાં આવરી લેવાયેલ સાહિત્યમાં આપ સૌને થિયોસોફીનો નાદ અચૂક સંભળાશે.

વંદન .... આભાર !

**દીપક પંડ્યા**



# અધ્યક્ષીય,

પ્રિય આત્મીયજનો,

શ્રી હરજીવન આશ્રમ, કડોલીની થિયોસોફિકલ ગતિવિધિઓને બહુઆયામી બનાવવા ઉત્સાહ અને લગન સાથે કાર્ય કરી રહેલા આપ સૌ વંદનીય અને પ્રાતઃસ્મરણીય છો.

થિયોસોફિકલ ઓડર ઑફ સર્વિસ માટે અલગ પ્રભાગની વ્યવસ્થા આવકાર્ય માની રહ્યો છું પરંતુ થિયોસોફિકલ સોસાયટીનું એક અભિન્ન અંગ છે. જનસેવી પ્રવૃત્તિઓને પ્રબળ બનાવવા મેડમ એની બેસન્ટે 1908માં આ નુતન વિભાવના રજૂ કરી સેવા ધર્મને પણ મહિમાવંત કર્યો હતો. વ્યવસ્થાને પ્રભાવી બનાવવા માટે આ સંસ્થાને સંપૂર્ણ સ્વાયત્તતા આપવામાં આવી છે પણ તેનું કાર્ય ભેદભાવ વિના સૌ કોઇએ સમાંતર રીતે કરવાનું છે. TOSના સભ્ય થવા માટે TSના સભ્ય હોવું અનિવાર્ય નથી. TOSના વ્યાવહારિક જીવનમાં સફળ અનુસરણથી સહજતાપૂર્વક થિયોસોફીના પ્રચલનની ઉમદા તકો પણ સોંપડી શકશે. હરજીવન આશ્રમ હવેથી જનસેવાનું સશક્ત મધ્યમ બનશે. કડોલીની મહિલાઓને આર્થિક રીતે આત્મનિર્ભર બનાવવાની દિશામાં ગુજરાત ફેડરેશનમાં આ એક અનુપમ પ્રયાસ બની રહેશે.

એક સપ્તાહ પહેલા મહિલા ઉધોગ કેન્દ્રની વિશેષ મિટિંગ પણ યોજવામાં આવી હતી અને પ્રભાવી સંખ્યામાં હજાર રહી મહિલા સભ્યોએ રચનાત્મક અને સકારાત્મક સહયોગ આપતા રહેવા તત્પરતા દર્શાવી હતી. દરેક સભ્યજનોને રવિવારીય મિટિંગમાં અનિવાર્યતઃ હાજરી આપવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

'હરજીવન પ્રકાશ' પત્રિકાનો પ્રકાશ વ્યાપક સ્તર પર ફેલાઇ ચૂક્યો છે. સમસ્ત ગુજરાત ઉપરાંત લખનૌ, મુંબઇ, વારણસી, ચૈનઇ, દિલ્હી વિગેરે સ્થાનો પર વસતા આપણા બંધુઓ અને ભગિનીઓનો રચનાત્મક પ્રતિસાદ મળી રહ્યો છે તે વિશેષ આનંદની વાત છે. બીજું, પત્રિકામાં પ્રકાશન માટે વિવિધ

સ્તરીય અને વિવિધ વિષયો પર સાહિત્ય સામગ્રી પણ મળતી રહી છે તે પ્રેરક વાત છે.

શ્રી હરજીવન આશ્રમ થિ.સો. કડોલી દ્વારા સંકલ્પિત ઈ-પત્રિકા "હરજીવન પ્રકાશ"નો અંક સમયસર નવારંગરૂપ સાથે પ્રકાશિત થાય તે આપણા સૌ માટે અત્યંત હર્ષની વાત છે.

ઇંડિયન થિયોસોફિકલ સેકશન, વારણસીના માનનીય પ્રમુખ શ્રી પ્રદીપસિંહજી ગોહિલ સાહેબ દ્વારા 'હરજીવન પ્રકાશ' ઈ-પત્રિકાનો અંક ઇંડિયન સેક્શનની વેબસાઇટ પર અપલોડ કરવા આપેલ વિશેષ મંજૂરી અમારા સૌના માટે અતિપ્રેરક પ્રતિભાવ માની રહ્યો છું અને વિશેષ આદર સાથે કૃતજ્ઞતા વ્યક્ત કરું છું.

પત્રિકામાં સમાવેશ કરાયેલ સાહિત્ય થિયોસોફીના આંતરિક સ્વરૂપને પ્રગટ કરનાર છે. એક કાળે આપણા મહાપુરુષોએ આપણને વિપુલ સાહિત્ય આપ્યું છે આજે પણ તેઓ આપણું માર્ગદર્શન કરી રહ્યા છે. અહીં 'હરજીવન પ્રકાશ'ના માધ્યમથી પીરસાઈ રહેલ કવિતા કે કથાસૃષ્ટિમાં થિયોસોફીનો વ્યાવહારિક પક્ષ પ્રગટ થઈ રહ્યો છે. તેનો રણકાર સાંભળી શકાય તેમ છે. આ બધી જ રચનાઓમાં સર્જકના ઉરના સુર છે. તેમાં ચરિત્ર-નિર્માણની સંભાવનાઓ રહેલી છે.

આખરે થિયોસોફી શું છે ? કોઈ એક સર્જક, વિચારકના રજૂ થયેલ વિચારને થિયોસોફી અંતર્ગત સમાવેશ કરી શકાય છે. સર્જક્ના મૌલિક વિચારો તેની વ્યક્તિગત સોચ છે. તેમાં થિયોસોફીનો તત્ત્વબોધ સંભવ છે.

થિયોસોફી તો અનંત આકાશગંગા સમાન છે. અનેક મહાપુરુષોની વાણી, વ્યવહાર અને આચરણને બળે લોકકલ્યાણ માટે નિષ્પન્ન થયેલો પ્રવાહ અવિરત વહી રહ્યા છે. તે અતિસૂક્ષ્મ અને અનુભૂતિજન્ય છે.

'હરજીવન પત્રિકા'નું સાહિત્ય આપણી સુસુપ્ત થયેલી અનુભૂતિને જગાડનારું છે. તેમાં આદિકવિ નરસિંહ મહેતાથી આજ સુધીના, કેટલાક નવોદિત સર્જકોનાં સ્પંદનો સમાહિત કરવાની પૂર્ણ સંભાવનાઓ રહેલી છે. સાહિત્યનું સમકાલીન હોવું તેને સરસ, સુંદર અને લોકભોગ્ય બનાવી શકે છે કારણ તે વર્તમાન સાથે હસ્તધૂનન કરતું રહે છે.

થિયોસોફી આપણી વૈજ્ઞાનિક દ્રષ્ટિ અથવા વિજ્ઞાનધર્મિતાને આવકારે છે. એટલે તે બંધિયાર નથી. દરેકને મહાપુરુષોના વચનો પર મૌલિક રીતે ચિંતન કરવાનો અબાધિત અધિકાર સ્વતઃ સાંપડેલો છે. ચિંતનની પ્રક્રિયા તુલનાત્મક બની રહે તે પણ અપેક્ષિત છે. તેના વિના થિયોસોફીને સમજવી કે વ્યવહારમાં તેનું પ્રવર્તન સંભવ બની શકે નહીં.

મહાન તત્ત્વચિંતકની વાણીની તુલનામાં એક સીધા સાદા ભજનિકના હૃદયથી પ્રગટેલા નાદનું જરા પણ ઓછું મૂલ્ય આંકી શકાય નહીં. તે પણ થિયોસોફીનું સ્વરૂપ જ છે.

હરજીવન આશ્રમની પાયાની વિચારધારામાં દરેક માટે સમાન ભાવ, આદર અને ચેતનવંતુ વિશ્વબંધુત્વ મહાપુરુષોના આશિષથી ધબકતું રહ્યું છે અને રહેશે તેવી શ્રદ્ધા ધરાવું છું.

કડોલી એક નાનકડું ગામડું છે પણ દૈવતવાળું છે. આપ સૌના હૃદયમાં કડોલીનાં સંસ્મરણો હૃદયસ્થ બની રહ્યાં હશે. અમારા સન્નિષ્ઠ પ્રયાસો અને આપ સર્વે પ્રત્યેના અનન્ય અનુરાગ દિનપ્રતિદિન પ્રગાઢ બનતો રહી સૌની સંગતે વૈવિધ્યપૂર્ણ થિયોસોફી કર્મ કરાવશે એવી કામના કરી રહ્યો છું.

હરજીવન આશ્રમની ગૃહ ઉદ્યોગ ક્ષત્રે અભૂતપૂર્વ પ્રગતિ થઈ રહી છે અને કડોલીની પ્રોડક્ટ હવે છેક મહાનગરો સુધી પહોંચી શકે એ જ અમારા સૌના અંતરની અભિલાષા છે.

સાધુવાદ !

- **કાંતિભાઈ કે. પટેલ**, પ્રમુખ

# વિવિધા

## ચેતનવંતા સ્પંદનો ....

ચિંતન ની ક્ષણે " કર્મનો અટલ સિદ્ધાંત " - કર્મ એટલે શું? -3 સાદી અને સરલ ભાષામાં ટૂંકમાં કર્મની વ્યાખ્યા કરીએ તો કર્મ - એટલે ક્રિયા આપણે જે કોઈ કામ (ક્રિયા) કરીએ છીએ તે કર્મકહેવાય . ખાવું પીવું -નહાવું ધોવું ચાલવું - બોલવું - શ્વાસોચ્છવાસ લેવા મૂકવા - જન્મવું, જીવવું- મરવું વિગેરે તમામ શારીરિક અને માનસિક ક્રિયાને કર્મ કહેવાય છે આ કર્મના મુખત્વે ત્રણ ભાગ છે (૧) ક્રિયમાણ કર્મ(2) સંચિત કર્મ (3) પ્રારબ્દ કર્મ ( ૪ ) .ક્રિયમાણ વિષે જોઈએ . માણસ સવારે જાગે અને ઉઠે ત્યારથી સાંજેસૂઈ જાય ત્યાં સુધી જેજે કર્મ કરે તેને ક્રિયમાણ કર્મ કહેવાય સવારથી સાજ સુધી, સોમવાર થી રવિવાર સુધી, ૧લી તારીખથી છેલ્લી તારીખ સુધી, જાન્યુઆરી થી ડીસેમ્બર સુધી જે જે કર્મ કરે તેને ક્રિયમાણ કર્મ કહેવાય આવા ક્રિયમાણ કર્મ કરે તે અવશ્ય ફળ આપે પછી જ તે શાંત થાય ફળ આપ્યા સિવાય શાંત થાય નહિ . ક્રિયમાણ કર્મ ને ફળ આપ્યેજ છૂટકો અને ફળ ભોગવ્વેજ છૂટકો . દા.ત તમને તરસ લાગી, તમે પાણી પીધું પાણી પીવાનુકર્મ કર્યું તરસ મટી ગઇ - કર્મ ફળ આપીને શાન્ત થઈ ગયું. તમે ખાધુ તમે ખાવાનું કર્મ કર્યું . ભૂખ મટી ગઇ. કર્મ ફળ આપીને શાંત થઈ ગયું, તમે કોઇને ગાળ દીધી તેણે તમને લાફો માર્યો કર્મનું ફળ મળી ગયું - કર્મ ફળ આપીને શાંત થઈ ગયું આવી રીતે તમામ ક્રિયમાણકર્મ ને ફળ બાઝેજ અને ફળ ભોગવાવી નેજ શાંત થાય. (૫) સંચિત કર્મ - વિષે જોઈએ - કેટલાંક કર્મ એવાં હોય છે કે તે કર્મ કરતાંની સાથે ફળ આપતાં નથી તેનું ફળ મળતાં વાર લાગે છે તે કર્મ ના ફળને પાકતાં વાર લાગે છે ત્યાં સુધી તે કાચાં રહે છે તેને પાકતાં વાર લાગે છે ત્યાં સુધી સિલકમાં જમા રહે, સંચિત થાય, તેને સંચિત કર્મ કહેવામાં આવે છે. દા.ત. આજે તમે પેપર લખ્યું -મહિના પછી તેનું પરિણામ બહાર પડે . તમે સવારે રેચ લીધો - ચાર કલાક પછી તમને રેચ લાગે આજે કોઈક ને ગાળ દીધી ૧૦ દિવસ પછી લાગ જોઈને તમને લાફો મારી જાય . યુવાની માં તમે તમારા મા- બાપને દુઃખી કર્યા હોય તો તમારી વૃદ્ધાવસ્થામાં તમારો દિકરો દુઃખી કરે કેટલાંક ક્રિયમાણ કર્મો તાત્કાલિક ફળ આપતાં નથી પરંતુ કાળે કરીને પાકે ત્યારેજ ફળ આપે . ત્યાં સુધી સંચિત કર્મમાં પડ્યા રહે . બાજરી ૯૦ દિવસે પાકે ઘઉ ૧૨૦ દિવસે પાકે આંબો પાંચ વર્ષે ફળ આપે .

ક્રિયમાણ કર્મ નાંબીજ જે તે પ્રકારે ફળ આપતાં વાર લાગે છે આમ આપણી જીંદગીમાં આવા અનેક દરરોજ ક્રિયમાણ કર્મો કરતાં હોઇએ છીએ એમાંથી કેટલાક કર્મો ના ફળો આપણને મળતા હોય છે અને કેટલાક કર્મો સંચિત કર્મમાં જમા પડ્યા હોય છે જે હિમાલય ના જેટલા મોટા ઢગલા થતા રહે છે . આમ જયાં સુધી ફળ આપતા નથી ત્યાં સુધી તે શાંત થતા નથી એટલા માટે આપણે વારંવાર જન્મ મરણ ના ફેરા કરવા પડે છે જો આપણે સમજી વિચારી ને જ કર્મ કરીએ તો તેમાં ઘટાડો કરી શકીએ છીએ અવિદ્યાથી ઘેરાયલ જીવ આાની કદાપિ કલ્પના કરતો નથી . રાજા દશરથે શ્રવણના માતા પિતાનો વધ કર્યો હતો. તેવખતે તેના વિરહથી મરતે મરતે તેના મા બાપે દશરથ ને શ્રાપ દીધો કે તારું મૃત્યુ પણ તારા પુત્રના વિરહ થી થશે. પરંતુ આ દશરથ રાજાનું ક્રિયમાણ કર્મ કેવી રીતે ફળ આપી શકે? તેવખતે રાજા દશરથને કોઈ પુત્રજ ન હતો એટલે આ ક્રિયમાણ કર્મ ફળ આપીને શાંત થઈ શક્યું નહિ પરંતુ તે સંચિત કર્મમાં જમા થયું કાળે કરીને જયારે રાજા દશરથ ને ચાર પુત્ર થયા, પરણાવ્યા અને જયારે રામનો રાજ્યાભિષેક નો પ્રસંગ દિવસ આવ્યો ત્યારે સંચિત કર્મ ફળ આપવા તત્પર થયું અને રાજા દશરથ ને મૃત્યુનું ફળ અપાવી ને જ શાંત થયું. આમાં રાજા રામ પણ પોતાના પિતાને ૧૪ વર્ષ જેટલું જીવન વધારે આપી શક્યા નહીં . તેમની લાગવગ, કે શેહશરમ કાળ ની આગળ નભી શકી નહી આ ઉપરથી સમજી શકાય છે કે કર્મ નો કાયદો અટલ છે એમાં લાગવગ શાહી ચાલે નહિ. એટલે જ કહેવાયું છે ખુદાકે ઘર દેર નહી લેકિન અંધેર નહીં હૈ તેવો કર્મ નો જડબે સલાક કાયદો છે. રાજા ધ્રુતરાષ્ટ્ર ના ૧૦૦ પુત્રો એક સામટા મૃત્યુ પામ્યા ત્યારે રાજાએ ભગવાન કૃષ્ણ ને કહ્યું મારા જીવનમાં મે કોઇ એવુ ભયંકર પાપ કર્યું નથી કે ના ફળ રૂપે એક સામટા મારા ૧૦૦ પુત્રો મરી જાય . ત્યારે ભગવાને તેમને પાછલા જન્મો જોવા માટે દષ્ટિ આપી. ત્યારે તેમણે જોયુકે આશરે ૫૦ વર્ષ પહેલાં તે એક પારધી હતો . તેણે વૃક્ષ પર બેઠેલા પક્ષિઓ ને પકડવા માટે સળગતી જાળ નાખી કેટલાંક પક્ષિઓ ઉડી ગયાં અને બાકીનાં નાનાં ૧૦૦ જેટલાં આંધળા થઈ ગયા અને બાકીનાં નાનાં પક્ષિઓ બળીને ખાખ થઈ ગયા . આ ક્રિયમાણ કર્મ ૫૦ વર્ષ સુધી સંચિત કર્મ માં પાક્યા વગર પડી રહ્યું . રાજાની પુણ્યઇ ના લીધે ૧૦૦ પુત્ર પ્રાપ્ત થયા . ત્યારે સંચિત કર્મ ફળ આપવા માટે તત્પર થયું અને તેથી તેને આ જીવનમાં અંધાપો આવ્યો અને તેના ૧૦૦ પુત્રો પણ મર્યા ૫૦ વર્ષે પણ ક્રિયમાણ કર્મે તેને છાલ છોડ્યો નહીં આમ ખુદાકે ઘર દેર થી નહીં ઔર અંધેર થી નહીં હૈં આ પ્રમાણે ક્રિયમાણ કર્મ ફળ આપીને શાંત થયાં નથી તે સંચિત કર્મ કહેવાય. બાકી હવે પછીના અંક માં જોઈશું - ( વધુ આવતા અંકે)

- **શંકરભાઈ પટેલ, કડોલી .**

# ચારણી સાહિત્ય અને લોકસાહિત્ય

- **ડૉ અંબાદાન રોહડિયા, રાજકોટ**

(ગતાંકથી...ક્રમશ:)

એ જ રીતે સમરાંગણમાં પારોઠનાં પગલાં ભરનારા જોધપુરના રાજવી જશવંતસિંહજીને ભક્તકવિ

નરહરદાનજી બારહટ ઉપાલંભકાવ્યો સંભળાવી ચારણધર્મ નિભાવે છે.

સત્ય માટે સર્વસ્વનો ભોગ આપનાર-સત્યાગ્રહી :

આદિકાળથી માનવજીવનમાં સત્ય પાલન અને વચનપ્રીતિનો મહિમા ગવાયો છે, પરન્તુ જગતનો ઇતિહાસ સાક્ષી પૂરે છે કે સત્યવાદી થવું કેટલું દુષ્કર છે. રાજા હરિશ્ચંદ્ર અને તારામતી હોય કે શેઠ સગાળશા અને ચંગાવતી હોય એમણે વેઠેલું દુ:ખ ખૂબ જ દોહ્યલું છે. અલબત્ત, ત્યાં એક વ્યક્તિ કે પરિવારે કરેલા સંઘર્ષની વાત છે. જ્યારે અહીં એક સમાજ પેઢી દર પેઢી સત્યાગ્રહી બનીને પ્રાણાંત સુધી ઝઝૂમ્યો છે. અન્યાય, અનીતિ અને અનાચાર રોકવા માટે એ સદા બલિદાનની રાહ પર આગળ ચાલ્યો છે. તેણે કોઇના પ્રાણ હરવાને બદલે પ્રાણ અર્પણ કરવાની સોનેરી શિખામણ આપી છે. ગાંધીજીએ જે રીતે આચરણ દ્વારા સત્યનો મહિમા સમજાવ્યો છે, તે રીતે ચારણોએ ધરણાં, ત્રાગાં અને બલિદાન દ્વારા સત્યનું પાલન કરાવ્યું છે.

મધ્યકાળે રાજા-મહારાજાઓને સત્તાનો દુરુપયોગ ન કરવા પ્રેરનાર, મદોન્મત્ત હાથી સમાન સત્તાંધ રાજવીઓને પોતાની દઢતાથી અંકુશમાં રાખનારા ચારણોનું આ કાર્ય ખૂબ જ સરાહનીય છે. સત્તા અને સંપત્તિ માટે અનાચાર આચરનારા રાજવીઓ સામે ધરણાં-ઉપવાસ કરનારા ચારણો આખરે ત્રાગાં કરીને પોતાનાં બલિદાનો આપતા. એ વેળાએ તેને રાજસત્તા કે સંપત્તિથી ઝૂકાવી શકાતા નહીં. આઉવાના ધરણામાં અપાયેલ બલિદાનો કદાચ વિશ્વની સૌથી મોટી બલિદાનઘટના છે. તો બીજી તરફ સૌન્દર્યાનુરાગી વ્યક્તિ બેન-બેટીની ઇજ્જત લૂંટે કે તેના પર જૂલ્મ આચરે ત્યારે તેનો પ્રતિકાર કરવા માટે ચારણોની બેન-દીકરીઓએ આપેલાં બલિદાનોની શતાધિક ઘટનાઓ બની છે. એ પળે પોતાની જિજીવિષા ત્યજીને મોહાંધ વ્યક્તિ પર લોહી છાંટીને કે પોતાના હાથે જ દેહના કટકા કરીને તેને પડકારવામાં આવતો. આ રીતે પોતાની ચારિત્ર્યરક્ષા માટે પ્રાણની આહુતિ આપનાર એ ચારણસ્ત્રીઓની સમાજે આઇ તરીકે પૂજા કરી છે, એટલું જ નહીં આવા વ્યભિચારી કે લંપટ શાસકોને આઇઓએ મૃત્યુદંડ પણ આપ્યો છે, સરધારમાં બાકરશેખને મારીને પોતાનો પ્રાણ અર્પનારાં આઇશ્રી જીવણીનું મંદિર સરધારમાં હયાત છે. લોકો તેને સિંહમોય તરીકે પૂજે છે. તો પૃથ્વીરાજ રાઠોડનાં પત્નીની લાજ બચાવવા ડોલીમાં બેસીને દિલ્હી જનારાં આઇશ્રી રાજલે અકબરને વીરતાથી સિંહણ જેમ ડરાવીને નવરોજ બંધ કરાવેલો, તેમનું મંદિર મોરબી પાસે ચરાડવામાં છે.

ચારણી સાહિત્યની લાક્ષણિક વિશેષતા :

ભારતીય સાહિત્યને પોતાની અનેકવિધ વિશિષ્ટતાઓને કારણે સમૃધ્ધ કરનારા ચારણી સાહિત્યની સાચી રિધ્ધિ-સિધ્ધિનો વિદ્વાનોને યથાર્થ પરિચય નથી. આ સાહિત્યને રાજ્યાશ્રિત કે વીરરસપ્રધાન ગણી તેની અવહેલના કે ઉપેક્ષા કરવામાં આવી છે, તે જ રીતે આ સાહિત્યને યથાર્થ રીતે જોવા, જાણવા, માણવાને બદલે તેને દૂરથી જ સાહિત્યપ્રદેશમાં પ્રવેશવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. આજે જ્યારે નવ્ય ઇતિહાસવાદીઓ દ્વારા ઇતિહાસવિષયક નૂતન વિચારધારા પ્રચલિત બની છે, એમાં તળપદી-નેટિવિટી–પરંપરાને વિશેષ સ્થાન અને માન મળ્યું છે, ત્યારે આપણે ચારણી સાહિત્યનું યથાર્થ મહત્ત્વ સમજીને તેમાં સચવાયેલી સામગ્રીને સાહિત્યિક, સાંસ્કૃતિક અને ઐતિહાસિક અભિગમથી તપાસીએ તે

અત્યંત જરૂરી છે. ચારણો અને ચારણેતરોનું પ્રદાન :

'ચારણી સાહિત્ય' સંજ્ઞાથી ઓળખાતું આ સાહિત્ય ચારણો અને ચારણેતર વિદ્વાનોનું સાહિત્ય છે, તેના સર્જનમાં ચારણો ઉપરાંત ક્ષત્રિયો, બારોટ, રાવળ, મીર, ઢાઢી, બ્રાહ્મણ, નાગર અને અન્યજ્ઞાતિના સર્જકોનું પ્રદાન છે. રાજસ્થાની શબ્દકોશના લેખક પદ્મશ્રી સીતારામ લાળશ કહે છે કે, 'ચારણી સાહિત્યનું તાત્પર્ય અહીં ચારણશૈલીમાં લખાયેલું સાહિત્ય છે.

છેલ્લાં હજારેક વર્ષમાં આ ક્ષેત્રે અનેક ચારણકવિઓએ પ્રદાન કર્યું છે. તેમાંથી શતાધિક ચારણકવિઓ અને તેમની સહસ્રાધિક રચનાઓ આજે કંઠસ્થ પરંપરામાં અને હસ્તપ્રતોમાં જળવાઇ છે. તેમજ ચારણેતર કવિઓમાં ક્ષત્રિયો, બારોટો, મીર, ઢાઢી, બ્રાહ્મણો અને અન્ય જ્ઞાતિઓનું પણ નોંધપાત્ર પ્રદાન છે. જેમાં કચ્છના રાઓ' લખપતસિંહ, રાજકોટના રાજવી મહેરામણજી, જોધપુરના રાજવી જશવંતસિંહજી, બીકાનેરના રાજવી પૃથ્વીરાજજી રાઠોડ, કવિ મંછ, વીરભાણ ઢાઢી, રિણા મોતીસર, કવિ નંદદાસ, ગીગા બારોટ, ઉનડ બારોટ અને ગોદડ બારોટ, કાનદાસ મહેડુના શિષ્ય મીર મુરાદ, શ્રીધર વ્યાસ, નાગરકવિશ્રી હરખજી મહેતા, કવિશ્રી લાલ ભટ્ટ, મૂળજી ભટ્ટ તથા નારણજી ભટ્ટ ઇત્યાદિ કવિઓએ ચારણી સાહિત્ય ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કર્યું છે.

**ભક્તિ** ઉપાસના અને આઈ પરંપરા :

ચારણકવિઓને દેવીપુત્રનું બિરુદ મળ્યું છે. આપણે ત્યાં શક્તિ ઉપાસના- દેવીભક્તિની પ્રાચીન પરંપરા છે. જેમ બ્રહ્મા, વિષ્ણુ અને શિવની આરાધના કરવામાં આવે છે, તે રીતે જ સરસ્વતી, લક્ષ્મી અને મહાકાળી-રુદ્રાણીની પણ ઉપાસના કરવામાં આવે છે. ચારણોએ મહદ્અંશે ભગવતી સરસ્વતીની એકનિષ્ઠ ઉપાસના કરી છે ! બીજી તરફ પૌરાણિક લોકમાન્યતા અનુસાર ચારણો નાગકુળના ભાણેજ અને ડાડા મહેશનાં સંતાનો છે. આજે પણ તેઓએ કંઠોપકંઠ જાળવેલી માહિતીમાં કહેવાય છે કે, 'મહેશ ડાડો અને શેષ નાનો'. વળી, ચારણકુળમાં અનેક લોકદેવીઓએ જન્મ ધારણ કર્યો છે. આજે અઢારેય વરણ અને વિવિધ પ્રદેશોમાં કેટલીક ચારણઆઇઓ કુળદેવી તરીકે પૂજાય છે. જેમાં આઈ આવડ, આઈ ખોડલ, આઇ બૂટ, આઈ બલ્લળ, આઈ બેચરાજી, આઇ કામબાઇ, આઈ જાનબાઈ અને ૧૯૭૪ સુધી હયાત હતાં તે આઈ સોનબાઈ માતાજીનું નામ સૌથી મોખરે છે. તેમનાં તો હાલ મઢડા, કણેરી અને કાઠડા (માંડવી, કચ્છ)માં ભવ્ય મંદિરો બંધાયાં છે.

ચારણકુળમાં જન્મેલાં આ બધાં આઇઓ વિશે ભરપૂર રચનાઓ ચારણી સાહિત્યમાં મળે છે. અલબત્ત, આ બધાં આઈઓનાં ગુણિયલ અને પરોપકારી વ્યક્તિત્વને કારણે લોકો તેની પૂજા કરે છે. મધ્યકાળે ક્ષત્રિયોને પ્રોત્સાહિત કરવાનું, તેને યોગ્ય માર્ગે વાળવાનું અને વિપત્તિવેળાએ તેને પ્રેરવાનું કામ ચારણકવિઓ કરતા, એ જ રીતે ચારણો માટે પ્રેરણા પૂરી પાડવાનું કામ ચારણઆઈઓ કરતાં.

ખરા અર્થમાં તેને નીતિને માર્ગે ચાલવામાં મદદ કરવામાં અને આપત્તિવેળાએ ધૈર્ય ધારણ કરાવવાનું કામ ચારણ આઈઓ કરતાં.

ચારણો દ્વારા વિદ્યાની ઉપાસના :

સમાજે ચારણને દેવીપુત્રનું બિરુદ આપ્યું છે, પરન્તુ ચારણોએ એકનિષ્ઠાભાવે વિદ્યાની ઉપાસના કરીને એ વાતની પ્રતીતિ કરાવી છે કે તે ખરા અર્થમાં

સરસ્વતીપુત્ર છે. ચારણોએ પોતાની સ્વાતંત્ર્યપ્રીતિને કારણે સ્વાવલંબી જીવનશૈલી અપનાવી છે. એ કારણે એ રાજ્યાશ્રિત હોવા છતાં તેણે પોતાનો સ્વતંત્ર વ્યવસાય પશુપાલન, ખેતી અને વ્યાપાર છોડ્યા નથી. તેની આસપાસ સંકળાયેલા પરિવારજનો પણ પરાવલંબી બનવાને બદલે પ્રકૃતિને ખોળે રહીને સ્વતંત્ર રીતે જીવવાનું વલણ ધરાવે છે. વળી, આઝાદી આવી ત્યારે પણ માંડ પાંચસોથી થોડાં વધારે રાજ્યો હતાં, તો રાજકવિઓની સંખ્યા તો સ્વાભાવિક રીતે એથી પણ ઓછી હોવાની. એટલે બધા ચારણકવિઓ ક્યારેય રાજ્યાશ્રિત હોઇ શકે નહીં. વસ્તુતઃ વિદ્યાપ્રીતિ ચારણોને લોહીમાં મળેલો સંસ્કાર હતો. મેઘાણીજીએ 'ચારણો અને ચારણી સાહિત્ય' ગ્રંથમાં યથાર્થ જ નોંધ્યું છે કે, 'સાહિત્ય સર્જન એ ચારણોનો વ્યવહાર કે વ્યવસાય નહીં પણ સંસ્કાર હતો, જે પેઢાન પેઢી લોહીમાં સંચરતો.'

મેઘાણીજીની આ વાત પ્રતીતિ કરાવે છે કે, ચારણો આજીવિકા કે જીવનનિર્વાહ માટે ભલે ગમે તે વ્યવસાય કરતા હોય પરન્તુ લોહીમાં મળેલા સંસ્કારોને કારણે તેઓ શબ્દસાધના-સાહિત્યની ઉપાસના અવશ્ય કરે છે, અરે ! સંસાર છોડીને સંન્યાસ લીધાં પછી પણ તેઓ સાહિત્યસાધના છોડી શકયા નથી, લોહીના સંસ્કારે તેમની સર્જનયાત્રા ચાલુ રાખી છે, તે માટે અહીં સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો સદ્ગુરુશ્રી બ્રહ્માનંદ સ્વામી, શ્રી દેવાનંદ સ્વામી, શ્રી પૂર્ણાનંદ સ્વામી અને જૈનધર્મ સ્વીકારનારા ચારણમુનિ હરદાન મહારાજની વાત ઉદાહત કરી શકાય તેમ છે.

ભગવતી શારદાની એકનિષ્ઠ ઉપાસના કરનારા ચારણોએ ચારણી સાહિત્યને એક સ્વતંત્ર અને સ્વાયત્ત વિદ્યાશાખાની ઓળખ અપાવી છે. આ ધારાનું આગવું છંદશાસ્ત્ર, અલંકારશાસ્ત્ર, શબ્દકોશ, પર્યાયવાચી શબ્દકોશ અને કાવ્યરીતિ વિષયક ગ્રંથો મળે છે. તેમાં પણ ઉત્તરોત્તર વૃદ્ધિ થતી રહી છે. એટલું જ નહીં આ બધા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કરાવતી વ્રજભાષા પાઠશાળા પણ કચ્છ-ભૂજમાં હતી. ત્યાં આ ધારાવિષયક ગ્રંથોનો અભ્યાસ કરાવાતો એટલું જ નહીં, અહીં વિદ્યાભ્યાસ કરાવવા માટે આવશ્યક ગ્રંથોની રચના પણ આચાર્ય હમીરજી રત્નું અને અન્ય વિદ્વાનોએ કર્યાનાં ઉદાહરણો પ્રાપ્ત થાય છે.

ચારણી સાહિત્યની સુદીર્ઘ પરંપરા ઘણી જૂની હોવાની પ્રતીતિ થાય છે. અલબત્ત, પ્રારંભે કંઠસ્થ પરંપરામાં જળવાયેલી રચનાઓ આજે ઉપલબ્ધ થતી નથી, આથી તેના આરંભ અંગે કોઇ નક્કર આધારો આપી શકાય તેમ નથી, પરન્તુ ચારણી સાહિત્યનાં મૂળ 'ગાથાકાળ' સુધી વિસ્તરેલાં છે. 'ગાથાસપ્તશતી'માં જળવાયેલી અનેક રચનાઓ સુધી ચારણી સાહિત્યનાં મૂળ પહોંચે છે. સિંધમાં ઉનડ જામે સુધમલ્લ શામળને સિંધનું રાજ્ય દાનમાં આપ્યાનો દુહો મળે છે, કે :

'માઇ એહડા પુત જણ, જેહડા ઉનડ જામ;

સમપ્યો સાતો સિંધડી, જ્યું દીજે હિક ગામ.'

---- **ક્રમશ: ( હવે પછીના અંકોમાં નિયમિત રીતે આપવામાં આવશે.)**

## "કાચની બરણી ને બે કપ ચા"

## એક બોધ કથા :

જીવનમાં જયારે બધું એક સાથે અને જલ્દી-જલ્દી

કરવાની ઈચ્છા થાય.... બધું ઝડપથી મેળવવાની ઈચ્છા થાય અને આપણને દિવસના ૨૪ કલાક પણ ઓછા લાગવા લાગે.....

ત્યારે આ બોધકથા "કાચની બરણી ને બે કપ ચા" ચોક્કસ યાદ આવવી જોઈએ....!!!

દર્શનશાસ્ત્રના એક સાહેબ (ફિલોસોફીના પ્રોફેસર) વર્ગમાં આવ્યા અને વિદ્યાર્થીઓને કહ્યું કે એ આજે જીવનનો એક મહત્વપૂર્ણ પાઠ ભણાવવાના છે....!!!

એમણે પોતાની સાથે લાવેલી એક મોટી કાચની બરણી (જાર) ટેબલ પર રાખી એમાં ટેબલ ટેનીસના દડા ભરવા લાગ્યા અને જ્યાં સુધી એમાં એકપણ દડો સમાવાની જગ્યા ન રહી ત્યાં સુધી ભરતા રહ્યા....!!!

પછી એમણે વિદ્યાર્થીઓને પૂછ્યું, "શું આ બરણી ભરાઈ ગઈ છે..?!?"

"હા" નો અવાજ આવ્યો....

પછી સાહેબે નાના-નાના કાંકરા એમાં ભરવા માંડ્યા, ધીરે-ધીરે બરણી હલાવી તો ઘણાખરા કાંકરા એમાં જ્યાં-જ્યાં જગ્યા ખાલી હતી ત્યાં-ત્યાં સમાઈ ગયા.

ફરી એક વાર સાહેબે પૂછ્યું, "શું હવે આ બરણી ભરાઈ ગઈ છે....?!?"

વિદ્યાર્થીઓએ એકવાર ફરીથી "હા" કહ્યું....

હવે સાહેબે રેતીની થેલીમાંથી ધીરે-ધીરે તે બરણીમાં રેતી ભરવાનું શરૂ કર્યુ, રેતી પણ બરણીમાં જ્યાં સમાઈ શકતી હતી ત્યાં સમાઈ ગઈ... એ જોઈ વિદ્યાર્થીઓ પોતાના બંને જવાબ પર હસવા માંડ્યા....

ફરી સાહેબે પૂછ્યું, "કેમ.. ? હવે તો આ બરણી પૂરી ભરાઈ ગઈ છે ને..?!?"

"હા... હવે તો પૂરી ભરાઈ ગઈ..!!!" બધા વિદ્યાર્થીઓએ એક સ્વરમાં કહ્યું.....

હવે સાહેબે ટેબલ નીચેથી ચાના ભરેલા બે કપ બરણીમાં ઠાલવ્યા, ને ચા પણ બરણીમાં રહેલી રેતીમાં શોષાઈ ગઈ... એ જોઈ વિદ્યાર્થીઓ તો સ્તબ્ધ થઈ ગયા....!!!

હવે સાહેબે ગંભીર અવાજમાં સમજાવાનું શરુ કર્યું....

"આ કાચની બરણીને તમે તમારું જીવન સમજો....

ટેબલ ટેનીસના દડા સૌથી મહત્વપૂર્ણ ભાગ એટલે કે ભગવાન, પરિવાર, માતા-પિતા, દીકરા-દીકરી, મિત્રો, અને સ્વાસ્થ્ય...!!!

નાના-નાના કાંકરા એટલે કે તમારી નોકરી-વ્યવસાય, ગાડી, મોટું ઘર, શોખ વગેરે....

અને રેતી એટલે કે નાની નાની બેકારની વાતો, મતભેદો, ને ઝગડા...!!!

જો તમે તમારી જીવનરૂપી બરણીમાં સર્વપ્રથમ રેતી ભરી હોત તો તેમાં ટેબલ ટેનીસના દડા ને નાના-નાના કાંકરા ભરવાની જગ્યા જ ન રહેત... ને જો નાના-નાના કાંકરા ભર્યા હોત તો દડા ન ભરી શક્યા હોત, રેતી તો જરૂર ભરી શકતા....!!!

બસ, આજ વાત આપણા જીવન પર લાગુ પડે છે....

જો તમે નાની-નાની વાતોને વ્યર્થના મતભેદ કે ઝગડામાં પડ્યા રહો ને તમારી શક્તિ એમાં નષ્ટ કરશો તો તમારી પાસે મોટી-મોટી અને જીવન જરૂરીયાત અથવા તમારી ઇચ્છિત વસ્તુ કે વાતો માટે સમય ફાળવી જ ન શકો....

તમારા મનના સુખ માટે શું જરૂરી છે તે તમારે નક્કી

કરવાનું છે.... ટેબલ ટેનીસના દડાની ફિકર કરો, એ જ મહત્વપૂર્ણ છે....

પહેલા નક્કી કરી લો કે શું જરૂરી છે... ? બાકી બધી તો રેતી જ છે....!!!

વિદ્યાર્થીઓ ધ્યાનપૂર્વક સાંભળી રહ્યા હતા ને અચાનક એકે પૂછ્યું, "પણ સાહેબ.... તમે એક વાત તો કહી જ નહિ કે " ચાના ભરેલા બે કપ" શું છે ?"

સાહેબ હસ્યા અને કહ્યું, "હું એ જ વિચારું છું કે હજી સુધી કોઈએ આ વાત કેમ ના પછી...?!?"

"એનો જવાબ એ છે કે,

જીવન આપણને કેટલું પણ પરિપૂર્ણ અને સંતુષ્ટ લાગે, પણ આપણા ખાસ મિત્ર સાથે "બે કપ ચા" પીવાની જગ્યા હંમેશા હોવી જોઈએ."

પ્રસ્તુતિ :

એસ.આઈ. નાયક
ડેપ્યુટી ડાયરેક્ટર (રિટાયર્ડ)
બીએસએનએલ - સર્કલ ઓફિસ, અમદાવાદ

# ગુજરાતી રાષ્ટ્રીય શાયર કવિ અનુવાદક ઝવેરચંદ મેઘાણીને ભાવ વંદના !

'સમબડિઝ ડાર્લિંગ'નો અનુવાદ નહીં એનું રૂપાંતર મેઘાણી અદભુત રીતે કરે છે. ભાષાંતર માટે એમ કહેવાય છે કે એ સ્ત્રી જેવું છે. સુંદર હશે તો એ પ્રામાણિક નહીં હોય અને પ્રામાણિક હશે તો એ સુંદર નહીં હોય, મેઘાણી એક એવી વિરલ પ્રતિભા છે જે સુંદર, વફાદાર ભાષાંતર કરી શકયા છે અને એનું એક માત્ર ઉદાહરણ તે કોઇનો લાડકવાયો રૂપાંતર છે.

રક્ત ટપકતી સો સો ઝોળી સમરાંગણથી આવે,

કેસરવરણી સમરસેવિકા કોમલ સેજ બિછાવે;

ઘાયલ મરતાં મરતાં રે! માતની આઝાદી ગાવે.

કોની વનિતા, કોની માતા, ભગિનીઓ ટોળે વળતી,

શોણિતભીના પતિ-સુત-વીરની રણશૈયા પર લળતી;

મુખથી ખમ્મા ખમ્મા કરતી માથે કર મીઠો ધરતી.

થોકે થોકે લોક ઊમટતા રણજોધ્ધા જોવાને,

શાબાશીના શબ્દ બોલતા પ્રત્યેકની પિછાને;

નિજ ગૌરવ કેરે ગાને જખમી જન જાગે અભિમાને.

સહુ સૈનિકનાં વહાલાં જનનો મળિયો જ્યાં સુખમેળો,

છેવાડો ને એક્લવાયો અબોલ એક સૂતેલો;

અણપૂછયો અણપ્રીછેલો કોઇનો અજાણ લાડીલો.

એનું શિર ખોળામાં લેવા કોઇ જનેતા ના'વી;

એને સીંચણ તેલ-કચોળા નવ કોઇ બહેની લાવી;

કોઇના લાડકવાયાની ન કોઇએ ખબર પૂછાવી.

ભાલે એને બચીઓ ભરતી લટો સુંવાળી સૂતી,

સન્મુખ ઝીલ્યાં ઘાવો મહીંથી ટપટપ છાતી ચૂતી;

કોઇનો લાડકવાયાની આંખડી અમ્રુત નીતરતી.

કોઇના એ લાડકવાયાનાં લોચન લોલ બિડાયાં,

આખરની સ્મ્રતિનાં બે આંસુ કપોલ પર ઠેરાયાં;

આતમ-લપક ઓલાયો, ઓષ્ટનાં ગુલાબ કરમાયાં.

કોઇનાં એ લાડકડા પાસે હળવે પગ સંચરજો,
હળવે એનાં હૈયા ઊપર કર-જોડામણ કરજો;
પાસે ધૂપસળી ધરજો, કાનમાં પ્રભુપદ ઉચરજો!
વિખરેલી એ લાડકડાની સમારજો લટ ધીરે,
એને ઓષ્ટ-કપોલે-ભાલે ધરજો ક હુંબન ધીરે;
સહુ માતા ને ભગિની રે! ગોદ લેજો ધીરે ધીરે.
વાંકડિયા એ ઝુલ્ફાંની મગરૂબ હશે કો માતા,
એ ગાલોની સુધા પીનારા હોઠ હશે બે રાતા;
રે! તમ ચુંબન ચોડાતાં પામશે લાડકડો શાતા.
એ લાડકડાની પ્રતિમાનાં છાનાં પૂજન કરતી,
એની રક્ષા કાજા અહનિરશ પ્રભુને પાયે પડતી;
ઉરની એકાંતે રડતી વિજોગણ હશે દિનો ગણતી.
કંકાવટીએ આંસુ ધોળી છેલ્લું તિલક કરતાં,
એને કંઠ વીંટાયાં હોશે કર બે કંકણવંતા;
વસમાં વળામણાં દેતાં બાથ ભીડી બે પળ લેતાં.
એની કૂચકદમ જોતી અભિમાન ભરી મલકાતી,
જોતી એની રૂધિર - છલક્તી ગજગજ પ્હોળી છાતી;
અધબીડ્યાં બારણિયાંથી રડી કો હશે આંખ રાતી.
એવી કોઇ પ્રિયાનો પ્રીતમ આજ ચિતા પર પોઢે,
એકલડો ને અણબૂઝેલો અગન-પિછોડી ઓઢે;
કોઇના લાડકવાયાને ચૂમે પાવકજ્વાલા મોઢે.
એની ભસ્માંકિત ભૂમિ પર ચણજો આરસ-ખાંભી,
એ પથ્થર પર કોતરશો નવ કોઇ કવિતા લાંબી;
લખજો: 'ખાક પડી આંહી કોઇના લાડકવાયાની'.

- ઝવેરચંદ મેઘાણી

Original Poem in English

Written by Marie La Coste

1845 - 1935

After the death of Marie's unnamed fiancée, a captain in the Confederate Army, apparently in 1862, the young French teacher became nurse and visitor at local hospitals for wounded Confederate soldiers. Her poem, which is sung at historical events today, is a distinctive memorial to those soldiers.

SOMEBODY'S DARLING

Into a ward of the white washed walls,
Where the dead and dying lay,
Wounded by bayonets, shells and balls,
Somebody's darling was borne one day.
Somebody's darling so young and brave
Wearing yet on his pale sweet face,
Soon to be hid by the dust of the grave,
The lingering light of his boyhood's grace.
Matted and damp are the curls of gold
Kissing the snow of that fair young brow;
Pale are the lips of delicate mold -

Somebody's darling is dying now.

Back from the beautiful blue-veined brow

Brushed all the wandering waves of gold;

Cross his hands on his bosom now;

Somebody's darling is still and cold.

Kiss him once for somebody's sake,

Murmur a prayer soft and low;

One bright curl from it's fair mates take;

They were somebody's pride you know.

Somebody's hand has rested there;

Was it a mother's soft and white?

And have the lips of a sister fair

Been baptized in the waves of light?

God knows best! He was somebody's love,

Somebody's heart enshrined him there.

Somebody wafted his name above,

Night and morn on the wings of prayer.

Somebody wept when he marched away,

Looking so handsome brave and grand;

Somebody's kiss on his forehead lay;

Somebody clung to his parting hand.

Somebody's watching and waiting for him,

Yearning to hold him again to her heart;

And there he lies with his blue eyes dim,

And the smiling child-like lips apart.

Tenderly bury the fair young dead,

Pausing to drop on his grave a tear;

Carve on the wooden slab at his head,

"Somebody's darling slumbers here."

***

# મારી ભાવયાત્રા ....

નમસ્કાર...વંદન !

આપણા ધર્મગ્રંથો. શાસ્ત્રો, વેદો, ઉપનિષદોનો વારસો પ્રત્યેક વ્યક્તિ માટે આચરણ સંહિતા સ્વરૂપ છે. તેમાં અદ્‌ભૂત કથાસૂત્રોની ગૂંથણી થયેલી છે. આ કથાસૂત્રોના વાહકો પણ મહાન ચરિત્ર-નાયક-નાયિકા તરીકે લોકમાનસને પ્રભાવિત કરતાં રહ્યાં છે. આપણો આ અમૂલ્ય સાંસ્કૃતિક વારસો આજે પણ આપણી સાથે અવિરત જોડાયેલ છે. સત્ય - અસત્યના આચરણનો સંઘર્ષ આજકાલનો નથી, કદાચ તે માનવ સભ્યતાના આરંભથી જ ચાલ્યો આવે છે. એકને દૂર કરી બીજાને પ્રતિસ્થાપિત કરવું એ હિંસકવૃત્તિનું પ્રમાણ બની શકે છે. અસત્ તો સર્વકાલ રહેશે જ. તેની સમજણ કેળવી સત્ વૃત્તિની શ્રીવૃધ્દ્ધિ કરી શકીએ તો જગતમાં અસત્ વૃત્તિ સ્વતઃ ઘટતી જશે.

તમે ધર્મને જાણો છો? જવાબ 'હા'માં જ હશે, ખાતરી છે. ધર્મને કોણ ન જાણતું હોય? જન્મથી જ જે લેબલ આપણા પર લાગી જાય છે, જેના પ્રમાણે વિચારધારા ઘડાય છે, જે પ્રમાણેનો પહેરવેશ, ખાણી-પીણી, વ્યવહાર, રિવાજ માણસની સાથે ચોંટે છે એ ધર્મને તો જાણતા જ હોયને. જે ધર્મમાં જન્મ્યા એ ધર્મને તો જાણતા જ હોય, પરધર્મને પણ થોડો જાણતા હોય અને ભગવદ્ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણએ જે સાવ અલગ જ પરિપ્રેક્ષ્યમાં કહ્યું છે એને સંપ્રદાયના પરિપ્રેક્ષ્યમાં મૂકીને 'સ્વધર્મે નિધનમ્ શ્રેય, પરધર્મો ભયાવહ:' એવી પણ જાણ હોય છે, પણ જો એવું કહીએ કે તમે તમારા સંપ્રદાયને જાણો છો, ધર્મને જાણતા નથી, તો પણ તમે ઇનકાર જ કરશો અને કહેશો કે હું મારા પંથને, સંપ્રદાયને પણ જાણું છું અને સનાતન હિન્દુ ધર્મને પણ જાણું છું. જે ખ્રિસ્તી હશે તે કહેશે કે હું પ્રોટેસ્ટન્ટ સંપ્રદાયને જાણું છું અને ખ્રિસ્તી ધર્મને પણ જાણું છું. ઇસ્લામ કે સિખ કે જૈન કે બૌદ્ધ ધર્મના મતાવલંબીઓ પણ એવું જ કહેશે. દરેકને એવી ગેરસમજ હોય છે કે પોતે ધર્મને જાણે છે, પણ તેઓ જેને જાણે છે એ ધર્મ નથી, એ સંપ્રદાય છે. મહાભારતના ખલપાત્ર દુર્યોધને પણ કહ્યું હતું કે જાનામિ ધર્મમ્ ન ચ મે પ્રવૃત્તિ, જાનામિ અધર્મમ, ન ચ મે નિવૃત્તિ (મહાભારતની મજા એ છે કે નેગેટિવ પાત્રોને પણ અદ્‌ભુત ઉપસાવ્યાં છે અને તેમના મોઢામાં અદ્‌ભુત શબ્દો પણ મૂક્યા છે. મહાભારતમાં જ અન્યત્ર એક સ્થળે દુર્યોધને આજના યુગ માટે બંધબેસતું સરસ વાક્ય ઉચ્ચાર્યું છે, અસંતોષ: શ્રિયો મૂલમ. અસંતોષ જ ઐશ્વર્યનું મૂળ છે). દુર્યોધને કહ્યું કે હું ધર્મને જાણું છું ત્યારે ખરેખર તે ધર્મને જાણતો હશે? ધર્મને કદાચ નહીં જાણતો હોય, પણ પોતે અધર્મથી નિવૃત્ત થઈ શકતો નથી એવી પ્રામાણિક કબૂલાત તે કરી લે છે. મહાભારતમાં જ્યાં-જ્યાં ધર્મ અને અધર્મ બાબતે ગૂંચવણ થઈ છે ત્યાં કહેવાયું છે કે ધર્મ અતિ સૂક્ષ્મ છે. મહાભારતનાં લગભગ તમામ મહત્ત્વનાં પાત્રો આ વાક્ય બોલી ચૂક્યાં છે.

આપણે આ પૃથ્વી પર ધર્મથી પ્રિ-લોડેડ થઈને જ અવતરીએ છીએ. બાળક જન્મે એ પહેલાં તેના પર ધર્મના સંસ્કાર થઈ ગયા હોય છે. લગભગ તમામ સંપ્રદાય, પછી એ ખ્રિસ્તી હોય કે હિન્દુ હોય કે આફ્રિકાના અંધારિયા જંગલના આદિવાસીઓનો સંપ્રદાય હોય, તમામ પોતાના અનુયાયીનું બાળક પોતાના જ સંપ્રદાયમાં રહે એવું ઇચ્છે છે એટલે જન્મથી જ ધર્મ નક્કી કરવાની પ્રથા છે. ધર્મ તમે પસંદ કરી શકતા નથી, એ જન્મથી જ મળે છે. અમુક એવા હોય છે જે લાલચથી કે અન્ય કોઈ સામાજિક-આર્થિક-રાજકીય કારણોથી અન્ય ધર્મ (સંપ્રદાય)ની કંઠી બાંધે છે. બહુ જૂજ વીરલા એવા હોય છે જે જન્મજાત મળેલા ધર્મથી મુક્ત થઈને પોતાનો ધર્મ પસંદ કરી શકે છે, પોતાનો ધર્મ બનાવે છે. ભગવાન શ્રીકૃષ્ણએ પોતે એવું કહ્યું હતું કે અમારો (યાદવોનો) કોઈ નિશ્ચિત ધર્મ નથી. આ જ કૃષ્ણએ ધર્મને પુન: સ્થાપિત કર્યો. ધર્મની ફરીથી વ્યાખ્યા કરી. ધર્મને ફરીથી નવજીવન આપ્યું. યહૂદી તરીકે જન્મેલા ઈશુના ઉપદેશ પ્રમાણે ખ્રિસ્તી સંપ્રદાય અસ્તિત્વમાં આવ્યો. બુદ્ધે પોતાનો અલગ સંપ્રદાય સ્થાપ્યો. કૃષ્ણ સાક્ષાત્ ધર્મ હતા, તેમના નામે ચાલેલા સંપ્રદાયના ધર્મગુરુઓ ધર્મ નથી.

ધર્મથી મુક્ત થવું સૌથી મુશ્કેલ છે. કારણ કે આપણે સંપ્રદાયને ધર્મ માનીને વર્તીએ છીએ. ધર્મ એ સંપ્રદાય નથી. ધર્મનો અર્થ અત્યારે ભલે સંપ્રદાય અથવા રિલિજન થાય, મૂળ અર્થ એવો નથી. ધર્મનો મૂળ અર્થ જીવન જીવવાની નિયમાવલિ અથવા વ્યક્તિ માટેનો જીવવાનો ઉત્તમ માર્ગ એવો થાય છે. શિકારીનો ધર્મ શિકાર કરવો એ છે, ક્ષત્રિયોનો ધર્મ પ્રજાના કે સમાજના રક્ષણ માટે લડવાનો છે. વ્યક્તિને સદ્આચરણ કરતાં શીખવે એ ધર્મ. ભગવદ્ગીતાના ત્રીજા અધ્યાયમાં શ્રીકૃષ્ણએ જે ધર્મની વાત કરી છે એ આ ધર્મની વાત છે. એ હિન્દુ ધર્મ કે અન્ય ધર્મની વાત નથી. એ શ્લોકની શરૂઆતમાં શ્રીકૃષ્ણ કહે છે, 'શ્રેયાન્ સ્વધર્મ વિગુણ:' - પોતાનો ધર્મ થોડો ઓછો ગુણવાળો હોય, પોતાના ધર્મનું થોડું ઓછું પાલન થતું હોય, થોડી છૂટછાટ લેવાઈ જતી હોય તો પણ એ પરધર્મ કરતાં વધુ સારો છે. એ ધર્મ એટલે જીવન જીવવાની રીત. આપણે અત્યારે ધર્મના નામે જે સમજીએ છીએ એ સંપ્રદાય છે અને સંપ્રદાય વંશપરંપરાગત મળે. ધર્મની વ્યાખ્યાને આપણે મરોડી નાખી છે. આપણે ધર્મ સાથે જોડાયેલા શબ્દોને એ ઉંમરથી ઓળખીએ છીએ જ્યારથી સાવ અબુધ હતા. ધર્મ, મોહ, માયા, મોક્ષ, ભક્તિ, મુક્તિ, કીર્તન, ભજન, સાધના, ધ્યાન, સમાધિ, યોગ, આસન, યમ-નિયમ, અધ્યાત્મ, બોધ, મુમુક્ષા, તિતિક્ષા વગેરે દુર્બોધ શબ્દોથી આપણે પાંચેક વર્ષની ઉંમર સુધીમાં પરિચિત થઈ જઈએ છીએ એટલે આપણી અંદર એક એવી માન્યતા ઘર કરી જાય છે કે આપણે આ બધા શબ્દોને સમજીએ છીએ. એના અર્થની ખબર છે, પણ હકીકતમાં કેટલા લોકો આ બધાનો ખરો અર્થ જાણે છે? જેને અર્થની જાણ છે એમાંથી કેટલા એને સમજે છે? જે સમજે છે એમાંના કેટલા એના મૂળને જાણે છે, એની મૂળ વિભાવના સમજે છે? આ લોક, પરલોક, ગોલોક બધું આપણે જાણીએ છીએ અને કશું જ નથી જાણતા. કારણ કે આપણને ગળથૂથીમાં જે વિભાવનાઓ પીવડાવી દેવામાં આવી છે એનાથી હું જાણું છુંની જે માન્યતા બંધાઈ છે એ વધુ કશું જાણવા દેતી જ નથી. સત્ય સુધી પહોંચવા દેતી જ નથી. મૂળ સુધી પહોંચવા દેતી જ નથી અને એટલે જ ધર્મના, સત્યના મૂળને જાણવાની સાચી જિજ્ઞાસા આપણને થતી જ નથી. ખોટી જિજ્ઞાસા થાય છે જે આડંબર હોય છે. ખાલી ઘડો હોય તો એમાં પાણી ભરી શકાય. ભરેલા ઘડામાં પાણી કેમ ભરવું? આપણે ભરેલા ઘડા છીએ. આપણા ઘડાઓને બાળપણમાં જ ભરી દેવામાં આવ્યા છે, છલોછલ. ધ્યાન રાખવામાં આવ્યું છે કે ઘડા પૂરેપૂરા ભરાય, જેથી નવું પાણી ઉમેરવાની કોઈ ગુંજાશ જ ન રહે. આ વ્યવસ્થા બહુ જ સજ્જડ રીતે ગોઠવી દેવામાં આવી હોય છે.

આ વ્યવસ્થા માત્ર સંપ્રદાય પૂરતી મર્યાદિત નથી હોતી. એના આધારે વ્યક્તિની રીતભાત, તેની પસંદગી, તેનો ખોરાક, તેની વિચારધારા, તેનો સ્વભાવ અને તેનું વર્તન પણ ઘડાય છે. આફ્રિકાના કોઈ માનવભક્ષી કબીલાનું બાળક માનવભક્ષી બનશે, એમાં તેને કશું જ અજુગતું નહીં લાગે. અજાણ્યા માણસને તે તીરથી વીંધી નાખશે, તેને માટે તે સ્વાભાવિક હશે. 'ધારયતે ઇતિ ધર્મ.' જે ધારણ કરે છે એ ધર્મ છે. ધર્મ વ્યક્તિગત ચીજ છે એને માણસે સામૂહિક બનાવી દીધી છે.

આપણે સૌ સત્યના ઉપાસક બની માનવધર્મને જ પ્રમાણિકતાથી ધારણ કરીએ, મહિમાવંત કરવાનું સામર્થ્ય પ્રાપ્ત કરી શકીએ એવી જગત નિયંતાને પ્રાર્થના ...

થિયોસોફિકલ સોસાયટીની માત્ર બે વર્ષની જ સદસ્યતા ધરાવી રહ્યો છું પણ ગુજરાતનું સંસ્કાર ધામ ભાવનગરની સામળદાસ કોલેજના મહાન વિદ્વાન પ્રોફેસરો – ગુરૂજનોનું સાન્નિધ્ય પામી તે સમયે અધ્યયન – અધ્યાપન કરવાની તક મળી શકી છે જે મારા જીવનની ગૌરવ યાત્રા માની રહ્યો છું. એ પ્રેમ નગરીમાં મારું સંપૂર્ણ ભાવ જગત રચાયેલું રહ્યું છે. તે સમયે વેકેશન દરમ્યાન થિયોસોફિકલ સોસાયટીના અભ્યાસવર્ગોમાં મારા દાદા શ્રી વલ્લભરામ પંડ્યા અને કૌટુંબિક પરિવારજનો સાથે મળવાનું થતું અને થિયોસોફિકલ સોસાયટીના અનેક મહાન કાર્યકરોને સાંભળવાની- માણવાની તકો મળતી રહી હતી. તે ઉપરાંત હરજીવન આશ્રમ, કડોલીમાં પણ નિરંતર કાર્યકરો આવતા રહ્યા હતા. તેમના પુનિત પ્રતાપે અર્જિત થયેલી થિયોસોફી વિષયક માહિતી હવે અત્યારે 65 વર્ષની વયે વાગોળવાનો, સમજવાનો પ્રયાસ માત્ર કરી રહ્યો છું. આ સઘળી પ્રક્રિયામાં કેન્દ્ર સ્થાને પૂજ્ય હરજીવન કાલિદાસ મહેતા, "દાદા જી' જ રહ્યા છે જેમનો સંસ્પર્શ કોલેજના અભ્યાસના આરંભે મારા પૂજ્ય વલ્લભરામ દાદાની અસીમ કૃપાથી કાંજળીમાં પૂજ્ય દાદાજીના નિવાસ સ્થાને સંભવ બન્યો હતો. આ પહેલાં "દાદાજી" કડોલી આવતા રહ્યા હતા અને આજની હરજીવન આશ્રમ થિયોસોફિકલ સોસાયટી, કડોલી તેમનો અનન્ય કૃપા પ્રસાદ જ રહ્યો છે.

કડોલીની પ્રથમ મુલાકાતે જ આદરણીય વિદ્વાન પ્રોફેસર ડો. અંબાદાનજી રોહડિયાજી, ડો. દક્ષાબેન જોશી (કવિયત્રી), પોરબંદર આર્ય કન્યા મહાવિદ્યાલયના યશસ્વી પ્રોફેસર ડો. દેવેન્દ્ર આચાર્ય અને અનેક તેજસ્વી મહાનુભાવો સાગ્રહ કડોલી લોજના જ સભ્યજન બની રહે તે મને ઈશ્વરીય સંકેત જ લાગી રહ્યો છે.

મારા પૂજ્ય કાકાશ્રી ડો. હરિહરભાઇ પંડ્યાની દિવંગતિ અને પૂજ્ય ચંદુભાઈ પંડ્યા અને ચુનીકાકાની વય મર્યાદાએ લગભગ સભ્ય સંખ્યા નહિવત બની ચૂકી હતી અને સંસ્થા બંધ કરવા વિચાર કરી ચૂક્યા હતા ત્યારે કોઈ અગમ્ય સંકેતથી પ્રેરિત થઇ હું લોજનો મેમ્બર બનવા પ્રતિબધ્ધ થયો અને ત્યાર પછીની યાત્રા ક્રમશઃ નિયમિત મારી મૌલિક ભાવયાત્રા દ્વારા વિવિધ સ્વરૂપે પ્રગટ થતી રહી છે.

આપ સર્વેના આશીર્વાદ – પ્રેરક પ્રતિભાવ માટે સદૈવ કૃતજ્ઞ છું.

શુભકામનાઓ સહિત,

**- દીપક પંડ્યા**

*******

(1)

# પ્રભાતે

મને કોઈ ન કહેશો :

પ્રભાતટાણે પૂર્વદિશાનાં બારણાં બંધ રાખવા,

હું તો ઊપડી ખોલી નાખવા.

બારણે ઊભો ગગન જેવો પિવ,

ઓ રે, મારો મૂંઝાઈ જાયે જીવ.

દેવના દેવ પવંન

ઊંચકી મારે આંગણ લાવ્યા દૂરનું આખું વંન !

પ્રથમ પ્હોરે

અંધારઘેરા મારે ઘેરે છોને આવતી છોળે છોળે

તાજી, શીતલ, પ્રસન્ન હવા.

ખંડે ખંડે

વળગણી પર સૂકવ્યાં વસન

એ સૌ ભેગું થનગન થનગન

મારુંયે મન

નાચવા મંડે;

એને કોઈ ન કહેશો : ન વા, ન વા.

મને કોઈ ન કહેશો નર્તન મારું અટકાવવા. - મને...

ઊજળાં કોમળ પ્રથમ સૂરજકિરણ

ઠોકતાં નાજુક આંગુલિઓથી ઘરનાં બારણ.

સાંભળું છું રે બોલ :

"બારણું ખોલ,

મુજને અંદર દે આવવા.

વીતી ગઈ છે રાત,

તારા ઘર માટે લઈ આવ્યાં સુંદર તાજું પ્રભાત,

કાનમાં તારા કહેવા માટે ખાનગી લાવ્યાં વાત,

પંખીનાં ગીત મધુર-રવા."

કોઈ ન મને આવશો અટકાવવા. મને...

અંધારા હે, છોડી દિયો મુજ હાથ,

તરડથી એની પ્રતનુ અંગુલિ આવે,

ખૂણે ઊંચી કરોળિયાની જાળના તારેતાર ઝગાવે !

બ્હાર હૂંફાળી

વિકસતી એની ઉજમાળી

પ્રેમની ઉદાર બાથ.

હટો, દિયો મુજને જવા,

આજ ગણે મન કોઈ ન બાધા,

આજ તો મારું નામ છે 'રાધા',

એ જ આવેશે

ગેહપ્રવેશે

વિરહ કેરા વ્યાકુલ વેશે

આ ઊપડી હું તો

ઉરના અભ્યાગતને મારા

અંદર તેડી લાવવા. મને....

(2)

## ઘડી

આવી ગઈ ઘડી.

પિયા, જેને ઝંખી ભવભવ રહ્યાં આપણ હતાં,
અરે, જેને ઝંખી જીવન કરી મૂક્યાં રણ હતાં
ઓચિંતી તે વેળા ખુશનસીબ શી આવી જ...
તને જેની ભીતિ સતત હતી તે 'ભીડ' હવે,
ગયા છોડી ભાંડુ-સ્વજન સઘળાં કૈં કંઇ મિષે
નિજ સ્વાર્થે - મારે જરૂર પડી જ્યારે, વન વિશે -
અરે, એ રીતેયે અવસર મળ્યો ને ? શું ચિંતવે ?

મજાનું એકાન્ત - પ્રણયતણું હું પાત્ર -
પિયા, તો આવી જા - તવ જરૂર છે માત્ર -
અને પેલી ટોળી પણ ઘડીકમાં પાછી ફરશે -
વિલંબે થોડાકે વણસી બધી આ વાત જ જશે.
વ્રજહૃદયના તસ્કર હરિ !
વ્રજસદૃશ એકાન્ત વગડે
સરસ ક્ષણ આવી નહીં જડે -
તું મારું માને તો અબઘડી મને જા અપહરી.

**- - - ઉશનસ્**

***

**થઈને ધનવાન, દયાવાન નથી થઈ શકતાં,**
**હોય છે ફૂલ ને ફોરમને છુપાવી દે છે,**
**ધન વાપરી શકતાં નથી દાતા થઈને,**
**તક હાથમાં આવેલી ગુમાવી દે છે.**

**- - - કુતુબ આઝાદ**

# ‘સ્વ’થી શરૂઆત

જેનાં મુખમાંથી નીકળેલ શબ્દને બ્રહ્મવાક્ય માનીને લોકો જીવનમંત્ર બનાવી લે એ વિશ્વ વંદનીય ગાંધીજી કહે છે, 'હું મહાત્મા ગણાઉં, તેથી મારું વચન સાચું જ છે એમ માનીને કોઇ ન વર્તે.'

મહાત્મા કોણ તે આપણે જાણતાં નથી. સારો માર્ગ એ છે કે મહાત્માના વચનને પણ બુદ્ધિની કસોટીએ ચડાવવું ને તેમાં કસ ન ઊતરે તો વચનનો ત્યાગ કરવો. આ વિભૂતિઓ અને મહાપુરુષો દુનિયાને અંધકારમાંથી અજવાળાં તરફ લઈ જઇ શકે. માત્ર તેઓ કહેતાં જ નહીં, પણ કરીને બતાવી દેવામાં માનતાં હતા.

ગાંધીજી દક્ષિણ આફ્રિકા ગયા પછી હિંદની મુલાકાતે પહેલી વાર આવ્યાં ત્યારે અમદાવાદની એક નિશાળ જોવા તેમને લઇ જવામાં આવેલા. શાળાનાં દરવાજે પહોંચતા જ ગાંધીજીએ જણાવ્યું કે,'સૌથી પહેલાં તો એમને નિશાળના ટોઇલેટની મુલાકાત લેવી છે.' એ ત્યાં ગયા તો પેશાબ અને મળની દુર્ગંધ ફેલાયેલી જોઇ. તરત એમણે એક સાવરણો અને પાણીની બાલટી માગી અને આચાર્ય તથા શિક્ષકોની હાજરીમાં જાતે જ ટોઈલેટ બિલકુલ સ્વચ્છ કરી નાખ્યું. પાછળથી શિક્ષકોને સંબોધન કરતાં એમણે ભલામણ કરેલી કે ટોઈલેટ સફાઇ એ

શાળાના અભ્યાસક્રમનો ભાગ બનવો જોઈએ. એમણે એવું પણ સૂચવ્યું કે દરેક બાળકને પોતાનાં વાસણ માંજતા, કપડાં ધોતાં અને રસોઈ કરતાં આવડવું જોઈએ. સીવણકામ, પુસ્તક બાઇન્ડિંગ અને ચંપલ બનાવતાં, પણ બધા બાળકોને શીખવવું જોઈએ.

- **વિનોદભાઇ ભટ્ટ, રાજકોટ**

**(1)**

**હવે તમે જ કહો**

**બહુ દૂર નીકળી ગયેલાં**

**પેલાં ઝાંઝવાંને**

**સ્પર્શ કરવા મારે હવે**

**કેટલી ઝડપથી**

**દોડવું જોઈએ !**

**(2)**

**ભરબપોરે**

**ખજૂરી તળે હાંફતાં**

**ઝાંઝવાને**

**પીઠ પર બેસાડવા**

**ઊંટ વાંકું વળીને**

**બેઠું હોય છે.**

**પ્રીતમ લખલાણી,**

ધુમ્મસના દરિયામાં ડૂબેલી રાતો, યાદ છે તને ?

હૈયાની ક્યારીમાં પાંગરેલી વાતો, યાદ છે તને ?

ભીની ભીની મૌસમનું સહિયારું અજવાળું ને,

રેતીમાં ચિતરેલું આપણું સરનામું, યાદ છે તને ?

અમાસની ઓઢણીમાં ઝગમગતો અજવાસ ને,

આંખોમાં ઊગેલું સ્વપ્નિલ પ્રભાત, યાદ છે તને ?

દરિયાની ખારાશને અમે અમી સમજી પી ગયા,

ને તું નદી કાંઠે પણ તરસ્યો હતો, યાદ છે તને ?

તારા સ્મરણોના ટુકડાને અમે જીવન અર્પી બેઠાં,

ને તું ટુકડે ટુકડે મરણ આપતો, યાદ છે તને ?

ચાંદીમાં ધોળીને લીંપેલો સમય રાખ થઈ ગયો,

ને ચપટી તણખો આગ થઈ ગયો, યાદ છે તને ?

**- મનીષા રાઠોડ 'મૈત્રેયી**

# હરતાં ફરતાં હરિ સમરવા કદી ન આળસ કરવાનું

હરતાં ફરતાં હરિ સમરવા કદી ન આળસ
કરવાનું.

રામ ભજન વિણ લખ ચોરાસી ફેરા નહીં ફરવાનું

પ્રપંચ સઘળાં પડતાં મૂકી ધ્યાન નિરંતર ધરવાનું

આ દુનિયામાં નક્કી થયું છે જે જન્મ્યું એ તે
મરવાનું

પરમારથમાં પ્રીતિ રાખો દુષ્કર્મોથી ડરવાનું

ગમે એટલો લાભ મળે પણ પાપી પગલું ન
ભરવાનું

નવરા બેસી પરનિંદામાં કદી ન રાખો પડવાનું

એનાં કરતાં મૂંગા મોઢે કામ પોતાનું કરવાનું

દુનિયાની વાતોમાં કદીયે ઊંડું નહીં ઊતરવાનું

કોઈ પૂછે તો એવું કહેજો કોઈનું બુરું ન કરવાનું.

ક્યાં સુધી આ ભવાટવીમાં ફેરા તારે ફરવાનું

પિંગળશી કહે પ્રભુ ભજનથી આ ભવસાગર
તરવાનું.

- - - પિંગળશીભાઈ ગઢવી

## સાહિત્ય : ડૉ. હરીન્દ્ર દવે પર સ્વામી વિવેકાનંદનો પ્રભાવ : સ્વામી નિખિલેશ્વરાનંદ.

'ગુજરાતના સાહિત્યકારો પર રામકૃષ્ણ-વિવેકાનંદ ભાવધારાનો પ્રભાવ' વિષયક આ શ્રૃંખલામાં આ અંકમાં એક વધુ પીછું ઉમેરાઈ રહ્યું છે. સુપ્રસિદ્ધ કવિ, કટાર-લેખક, સંપાદક, નાટ્યલેખક, નવલકથાકાર એવા શ્રી ડૉ. હરીન્દ્રભાઈ દવે સાહિત્યકારોમાં આગવું



સ્થાન ધરાવે છે.

ડૉ. હરીન્દ્રભાઈ દવેનો જન્મ કચ્છ જિલ્લાના ખંભરા ગામે ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૩૦ના રોજ થયો હતો. તેમણે ગાંધીજીએ જ્યાં અભ્યાસ કર્યો હતો તે શામળદાસ કૉલેજ, ભાવનગરમાં પ્રથમ અભ્યાસ કર્યા બાદ, ૧૯૫૧માં યુનિવર્સિટી ઑફ બોમ્બેથી બી.એ.ની પદવી પ્રાપ્ત કરી.

શ્રી હરીન્દ્રભાઈએ અનેક પ્રકારના કાવ્યસંગ્રહ, નિબંધસંગ્રહ તેમજ અન્ય વિભિન્ન વિષયો પર પચાસથી વધુ પુસ્તકો લખ્યાં છે, જેમાંથી ખૂબ પ્રસિદ્ધ એક પુસ્તક 'કૃષ્ણ અને માનવસંબંધો'નો Krishna and Human Relations શીર્ષક હેઠળ અંગ્રેજી ભાષામાં અનુવાદ પણ થયો છે. આ સિવાય પણ બીજી અનેક પ્રસિદ્ધ રચનાઓમાં 'સંગ-અસંગ' (જેમાં સંન્યાસીઓ સાથેના તેમના જીવનનાં સંસ્મરણો છે), 'લોહીનો રંગ લાલ' (૧૯૬૨), 'અગનપંખી' (૧૯૬૨), 'માધવ ક્યાંય નથી મધુવનમાં' (૧૯૭૦), 'કથા રામની

વ્યથા માનવની' વગેરે અનેક પુસ્તકો તેમના લેખનકાર્યનું પ્રમાણ છે.

૧૯૫૧થી ૧૯૬૨ દરમિયાન તેમણે 'જનશક્તિ' દૈનિક માટે પત્રકારિતા કરી અને ૧૯૭૩માં તેના સંપાદક પણ રહ્યા. તેમજ 'સમર્પણ' નામના સામયિક માટે ઘણાં વર્ષો સુધી સંપાદનકાર્ય કર્યું.

૧૯૭૮માં તેમના કાવ્યસંગ્રહ 'હયાતી' માટે તેમને સાહિત્ય અકાદમી પુરસ્કાર પણ એનાયત થયો. આ ઉપરાંત, તેમને ૧૯૮૨માં 'રણજિતરામ સુવર્ણચંદ્રક', મધ્યપ્રદેશ સરકાર તરફથી 'કબીર' એવોર્ડ, પત્રકારિતા માટે 'ગોએન્કા પુરસ્કાર' વગેરેથી નવાજવામાં આવ્યા.

વિશેષ ઉલ્લેખનીય છે કે શ્રીરામકૃષ્ણ મઠ અને મિશનના બારમા પરમાધ્યક્ષ શ્રીમત્ સ્વામી ભૂતેશાનંદજી મહારાજની (જેઓ એ પહેલાં શ્રીરામકૃષ્ણ આશ્રમ, રાજકોટના અધ્યક્ષપદે રહી ચૂક્યા હતા) ઘણાં વર્ષોથી ઇચ્છા હતી કે જેમ બંગાળી, હિંદી વગેરે પ્રાદેશિક ભાષાઓમાં રામકૃષ્ણ-વિવેકાનંદ ભાવધારાના પ્રચાર-પ્રસાર માટે સામયિકોનું પ્રકાશન થાય છે, તે પ્રમાણે ગુજરાતી ભાષામાં પણ એક સામયિકનું પ્રકાશન થાય. અનેક પ્રયત્નો પછી બેલુર મઠની પરવાનગી મળતાં એ સામયિક પ્રથમ ત્રિમાસિક સામયિકના રૂપે લીંબડીથી પ્રકાશિત કરવામાં આવતું હતું, જે પછીથી એપ્રિલ, ૧૯૮૯માં માસિક પત્રિકા રૂપે રાજકોટથી પ્રકાશિત કરવાની પરવાનગી બેલુર મઠથી મળી.

એ ઐતિહાસિક પ્રસંગે ૧૩મી એપ્રિલ, ૧૯૮૯ના રોજ માસિક 'શ્રીરામકૃષ્ણ જ્યોત'ના વિમોચન માટે એક ખાસ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. એ સમયે પૂજ્ય સ્વામી આત્મસ્થાનંદજી મહારાજ (તેઓ પણ એક સમયે શ્રીરામકૃષ્ણ આશ્રમ, રાજકોટનું અધ્યક્ષપદ શોભાવી રહ્યા હતા) કે જેઓ મઠ-મિશનના આસિ. જનરલ સેક્રેટરી હતા, તેઓની અધ્યક્ષતામાં આ કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. તે સમયે ડૉ. હરીન્દ્રભાઈ દવે 'જન્મભૂમિ પ્રવાસી' પત્રિકાના સંપાદક હતા અને સાથે જ 'જન્મભૂમિ' ગ્રુપમાં તેમનું મહત્ત્વનું અને સન્માનનીય સ્થાન હતું, તેથી તેઓ અતિ વ્યસ્તતા વચ્ચે પણ નિમંત્રણનો સ્વીકાર કરીને મુખ્ય અતિથિરૂપે બે દિવસ માટે પધાર્યા હતા. આ સમયે શ્રીમત્ સ્વામી મુમુક્ષાનંદજી મહારાજ શ્રીરામકૃષ્ણ આશ્રમ, રાજકોટના અધ્યક્ષ હતા. આમ, 'શ્રીરામકૃષ્ણ જ્યોત' નામની માસિક પત્રિકાનું પ્રકાશન રાજકોટથી શરૂ થયું.

વિમોચન પ્રસંગે શ્રી ડૉ. હરીન્દ્રભાઈ દવેએ પોતાના વક્તવ્યમાં કહ્યું હતુંઃ

'આ કાર્યક્રમને વિમોચનને બદલે લોકાર્પણ કાર્યક્રમ કહેવો વધુ ઉચિત છે, કારણ કે આજે આ માસિક લોકો માટે, સમસ્ત જનતા માટે અર્પણ કરવામાં આવે છે. આજે જ્યારે સંસ્કારોનો, મૂલ્યોનો દુ:કાળ પડ્યો છે, જ્યારે સમાજમાં સંસ્કાર અને મૂલ્યોનો હ્રાસ થઇ ગયો છે, તે સમયે આ પ્રકારનું માસિક લોકો માટે બહુ મોટું રાહતનું કાર્ય કરશે. આ 'શ્રીરામકૃષ્ણ જ્યોત' નામ બહુ સાર્થક છે. આ જ્યોતથી આધ્યાત્મિક અંધકાર અને અજ્ઞાન છે, તે દૂર થશે, જે આજના સમય માટે આવશ્યક છે.'

પછી તેમણે શ્રીરામકૃષ્ણદેવના જીવન-સંદેશ વિશે કહ્યું, 'શ્રીરામકૃષ્ણદેવે પોતાના સરળ ઉપદેશ દ્વારા આપણને આધ્યાત્મિક જીવનની ચાવી આપી દીધી છે. તેઓએ ૯૯૯ દરવાજા ખોલી આપ્યા છે, માત્ર એક દરવાજો બંધ છે. પરંતુ આપણે કેવા કમનસીબ છીએ કે ૯૯૯ દરવાજા ખુલ્લા હોવા છતાં, તેમાં પ્રવેશ કરવાને બદલે એક બંધ દરવાજામાં માથું અથડાવી રહ્યા છીએ. શ્રીરામકૃષ્ણદેવે આટલો સરળ ઉપદેશ આપ્યો હોવા છતાં આપણે જાણી જોઇને આંખો પર પટ્ટી બાંધી દીધી છે અને આધ્યાત્મિક ઉન્નતિનો માર્ગ સામે જ હોવા છતાં તે માર્ગે જવા માટે તૈયાર નથી. શ્રીરામકૃષ્ણદેવનો જે પ્રેમભાવ હતો, તે સમસ્ત વિશ્વ માટે હતો; દરેક દેશના લોકો માટે, દરેક ધર્મના અનુયાયીઓ માટે હતો. તેમના આ સમષ્ટિ પ્રેમમાંથી આપણે કંઈક શીખવું જોઈએ, ગ્રહણ કરવું જોઈએ. એ બહુ મોટો બોધ છે.'

પોતાનાં સંસ્મરણો ટાંકતાં તેમણે કહ્યું હતુંઃ

"હું બીજી ઓકટોબર, ૧૯૭૨ના દિવસે બેલુર મઠ ગયો હતો. હું ગંગા કિનારે બેઠો હતો. મને ત્યાં એટલું સારું લાગ્યું, એવી આધ્યાત્મિક અનુભૂતિ થઇ કે તેનું વર્ણન કરી શકું તેમ નથી. એ સમયે શ્રીરામકૃષ્ણદેવ પ્રતિ એક પ્રાર્થના જગદંબા માટે ઉદિત થઇ આવીઃ

તારાં ચરણોમાં જેમ રામકૃષ્ણ બેઠા હતા,

એમ કહો! ક્યારે મને બેસાડશો..."

ત્રિ-દિવસીય ઉત્સવનો બીજો દિવસ સ્વામી વિવેકાનંદ વિશે ફાળવવામાં આવ્યો હતો. શ્રી હરીન્દ્રભાઈએ પ્રવચનમાં કહ્યું હતુંઃ

'સ્વામી વિવેકાનંદનું જીવન અતિ અલ્પ હતું. તે અલ્પ સમયમાં તેમણે જે પ્રેરણાદાયી જીવન જીવ્યું છે, તે આપણને હજારો વર્ષ સુધી પ્રેરણા આપતું રહેશે. તેમનો 'શિવજ્ઞાને જીવસેવા'નો ઉપદેશ-મંત્ર આજના સમયમાં વધુ આવશ્યક છે.'

સ્વાધીન ભારતના પ્રથમ ગવર્નર જનરલ શ્રી રાજગોપાલાચારી (રાજાજી)ના શબ્દોને ઉદ્ધૃત કરતાં તેમણે કહ્યું— 'જો સ્વામી વિવેકાનંદ ન હોત તો, ન તો હિંદુ ધર્મ બચ્યો હોત કે ન તો ભારત બચ્યું હોત.'

કવિવર રવીન્દ્રનાથ ટાગોરને ટાંકીને તેમના શબ્દોનો ઉલ્લેખ પણ કર્યો— 'જો તમારે ભારતને જાણવું હોય તો વિવેકાનંદને જાણો. તેમાં બધું સકારાત્મક છે, કશું નકારાત્મક નથી.'

અંતે, સ્વામીજીની 'The Cup' (જામ) નામની કવિતાનો પાઠ કરી તેમણે સમાપન કર્યું હતું. આમ, તેઓ રામકૃષ્ણ-વિવેકાનંદ ભાવધારાથી સુપરિચિત અને અભિભૂત હતા. આવા ગુજરાતી સાહિત્યના સુપ્રસિદ્ધ તારલાનું ૨૯મી માર્ચ, ૧૯૯૫ના રોજ દુઃખદ નિધન થયું હતું.

**સાભાર : શ્રીરામકૃષ્ણ જ્યોત અંક : April 2024**

## કૃતજ્ઞતા :

**'હરજીવન** પત્રિકા'માં પ્રકાશન હેતુ નિસ્વાર્થ ભાવે રચનાઓ / સંદેશ / પ્રતિભાવ મોકલી રહેલા સર્વ મહાનુભાવો અમારા માટે વંદનીય છે. વિશેષતઃ ડો. અંબાદાનજી, ડો. દક્ષાબેન જોશી, પરમ વંદનીય પ્રદીપસિંહજી ગોહિલ સાહેબ, જીટીએફ ભવનગરના માનનીય પ્રમુખ શ્રી હર્ષવદન શેઠ સાહેબ, આદરણીય

વિનોદભટ્ટ સાહેબ, હરજીવન લોજ તથા અન્ય લોજ્સના માનનીય સદસ્યગણ – સૌ સ્નેહીજનોનો આભાર માનીએ છીએ – વંદન

હરજીવન આશ્રમ થિયોસોફિકલ સોસાયટીનો આ એક અનુપમ પ્રયોગ છે જે કોઈપણ પ્રકારના સ્પર્ધાત્મક અભિગમથી સંપૂર્ણ મુક્ત છે. આપ સૌની રચનાઓ, થિયોસોફીના અનુભવો વોટ્સએપ અથવા મેઈલ દ્વારા યુનિકોડમાં ટાઈપ કરીને મોકલી શકો છો.

ગુજરાત ફેડરેશનની વિવિધ લોજ્સના તથા થિયોસોફિકલ ઓડર ઓફ સર્વિસ TOSના પદાધિકારીઓ તેમની સ્થાનિક થિયોસોફિકલ / TOS વિષયક પ્રવૃત્તિઓની નોંધ – વિશેષ ફોટોગ્રાફ્સ સાથે મોકલી શકે છે.

હરજીવન મહિલા ગૃહને લગતા આપના પ્રેરક સર્જનાત્મક સજેશન્સ, ઔધોગિક સહાયતા પણ આપ કરી શકો છો.

હરજીવન આશ્રમ દ્વાર નિયમિત રીતે રોજગારી વિષયક જાહેરાતો પણ વોટ્સએપ ગ્રૂપમાં મૂકવામાં આવે છે. આપ ચાહો તો આ ગ્રૂપમાં જોડાઇ શકો છો. તે સિવાય આ પ્રકારના વિજ્ઞાપનોને યથાસમય ફોરવર્ડ કરીને અથવા આપની પાસે વિશેષ માહિતી ઉપલબ્ધ હોય તો તેની પણ અમને જાણ કરી શકો છો.

પત્રિકા પ્રકાશન એ સંપૂર્ણ રીતે સંસ્થાગત અને લોજના સભ્યોજનોનો જ પુરુષાર્થ છે જેના માટે કોઈ પ્રોફેશનલ સહાયતા કે કોઈ પણ પ્રકારનો ખર્ચ કરવામાં આવતો નથી. - **સંપાદક**







હરજીવન મહિલા ગૃહ ઉદ્યોગ,
કડોલી દ્વારા અનુપ્રેરિત
શ્રીમતી રીટાબેન હર્ષદભાઈ પંડ્યા
(95747 48936) દ્વારા સ્વતંત્ર
રીતે ઉપક્રમિત..
"બુક બાઈડિંગ અને પ્રિન્ટિંગ
સર્વિસ" કડોલીમાં
ઉપલબ્ધ છે.
આપ જરૂરીયાત પ્રમાણે સંપર્ક કરી
શકો છો.
હરજીવન મહિલા ગૃહ ઉદ્યોગ કેન્દ્ર,
કડોલી


હરજીવન આશ્રમ, કડોલી
અનુપ્રેરિત
મહિલા ગૃહ ઉદ્યોગ
મહિલા વસ્ત્ર-પરિધાનની સિલાઈ માટે
સ્વાવલંબી-આત્મનિર્ભર મહિલા !
પ્રો. રશ્મિબેન પટેલ
મોબાઈલ - 93282 05950


હરજીવન મહિલા ગૃહઉદ્યોગ
કડોલી અનુપ્રેરિત
ઝરણા બ્યુટી પાર્લર,
કડોલી
(માત્ર મહિલાઓ માટે)
પ્રો. હેતલબેન યોગેશકુમાર પટેલ
9978541826


હરજીવન મહિલા ગૃહ ઉદ્યોગ કેન્દ્ર
કડોલી
ઘરેલું ખાદ્ય પદાર્થો
પ્રો. વંદનાબેન પંડ્યા
મો. +91 93133 83544























"As long as one is escaping from loneliness, there is no essential difference between the worship of God and addiction to alcohol. Socially, there may be a difference; but psychologically, the man who runs away from himself, from his own emptiness, whose escape is his search for God, is on the same level as the drunkard."


**— Jiddu Krishnamurti, <u>On Love and Loneliness</u>**


# થિયોસોફિકલ ઓડર ઓફ સર્વિસ – ટીઓએસ


## Theosophical Order of Service, TOS
















Compassionate Leaders
Mother Teresa's life was truly a testament to the power of compassion and service to humanity.
All his life, Mahatma Gandhi Ji devoted himself to the practice of Truth (Satyagraha), Non-violence (Ahinsa), Compassion and Kindness



COMPASSION IN THEOSOPHY
The first object of the Society is philanthropy. The true theosophist is the Philanthropist who—"'not for himself, but for the world he lives'" --Mahatma KH (Jinarajadasa, Letter #68)
Compassion is no attribute. It is the Law of laws—eternal harmony, Alaya's Self, a shoreless universal essence, the light of everlasting right, and fitness of all things, the law of love eternal" --Voice of the Silence
THE VOICE OF THE SILENCE
H.P. BLAVATSKY


COMPASSION
IN
THEOSOPHY
Compassion is the
essence of humanity
– Dr. Annie Besant
Love and compassion
are necessities, not
luxuries. It is essential
for our own peace and
mental stability; it is
essential for human
survival –Dalai Lama






- Poverty & Starvation
- Natural Calamities
- Drug Addiction
- Harassment
- Terrorism
- Diseases
- Changing life style


Think Positive
THINK POSITIVE
ENCOURAGED
HAPPY
STRONG
MOTIVATED
DETERMINED
ENTERPRISING
OPTIMISTIC
IMAGINATIVE
Gratitude to develop a Positive Outlook towards LIFE





WELFARE OF OTHER KINDGDOMS



GRATITUDE TO PARENTS




GRATITUDE TO SERVANTS


GRATITUDE TO FIVE ELEMENTS
SPACE
EARTH
FIRE
WATER
AIR


GRATITUDE TO PLANTS, ANIMALS &
BIRDS


GRATITUDE TO
ANGEL'S &
HOLY ONE'S
Thank you
angels